ગાંધીનગર સમાચાર

ઉત્તર ગુજરાત

તા. ૨૨-૧-૨૦૨૨, શનિવાર

૫

# સાબરકાંઠા - અરવલ્લી



## બાયડ પોલિસ સ્ટેશનમાં ભાજપના આગેવાન અને પોલિસ અધિકારી બાખડ્યાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

### હત્યાઓના ગુનાઓમાં પોલિસે ભીનું સંકેલ્યાના આરોપ લાગ્યા, પોલિસ અધિકારી ઉવાચ, તારાથી થાય તે કરી લે જે..!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
બાયડ પોલિસ સ્ટેશનમાં ભાજપના આગેવાન અને પોલિસ



અધિકારી બાખડ્યાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં હડકંપ મચ્યો છે. તુ તારી જેવા શબ્દપ્રયોગ પછી ૮ મહિના સુધી મેં તારી સાથે ખરાબ વર્તાવ કર્યો નથી તેવું પોલિસ અધિકારીએ ભાજપના આગેવાનને જણાવી હવે તારાથી થાય તે કરી લે જે. જે કોર્ટમાં જવું હોય ત્યાં જ જે. તેવા સંવાદોએ પોલિસબેડામાં ભર શિયાળે ગરમાવો લીધો છે. હત્યાઓના ગુનાઓમાં બાયડ પોલિસે ભીનું સંકેલી લઈ આરોપીઓને છાવર્યા હોવાનો ભાજપ કિસાન મોરચાના અગ્રણી કિર્તી પટેલે આરોપ લગાવ્યો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ૩ દિવસ અગાઉ ડેમાઈ ગામમાં લૂંટ, એસિડ છાંટવું, આગથી હુમલો કરવો જેવી સામ-સામે ગંભીર ફરીયાદ નોંધાયા પછી ફરીયાદ નોંધનારી બાયડ પોલિસને ઉચ્ચ પોલિસ અધિકારીએ એફ. એસ. એલ. તપાસની માંગ કરી અત્યારથી જ બહુચર્ચિત બાયડ પોલિસને કઠેરામાં લાવી દીધી છે. સ્થાનિકોએ પોલિસના નિવેદન તેમજ પંચનામામાં પણ આવો કોઈ ગંભીર બનાવ પોલિસ ચોકી આગળ નોંધાયો ન હોવાનું ડંકાની ચોટ સાથે કહી રહ્યા છે. બાયડ પોલિસ સ્ટેશનમાં અનહદ ભ્રષ્ટ્રાચાર અને બે-ચાર પોલિસ કર્મીઓના ઈશારે બાયડ પોલિસ સ્ટેશનના અધિકારીઓ નાચતા હોવાની ગંભીર ફરીયાદ ગૃહમંત્રી તેમજ રાજ્ય સરકાર સમક્ષ પહોંચી છે. આ સંજોગોમાં ડેમાઈમાં નોંભાયેલી ફરીયાદથી ખુદ બાયડ પોલિસનો પાપનો ઘડો છલકાવાની તૈયારીમાં છે. તે જોતાં હવે પોલિસ અધિકારીઓ ક્યારે સસ્પેન્ડ થશે તેનું સટ્ટાબજાર ગરમ છે. ત્યારે ડેમાઈ ગામના અને ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચાના અગ્રણી કિર્તી ગીરીશભાઈ પટેલ અને બાયડ પોલિસ અધિકારી વચ્ચે પોલિસ સ્ટેશનમાં જ કોઈ મુદ્દે જામી પડતાં બંને એકબીજાને બતાવી દેવાની ગર્ભિત ધમકીઓ આપતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા પછી અનેક લોકોએ પોલિસ અધિકારી અને ભાજપ અગ્રણીનો સંવાદ સાંભળી પોતપોતાની રીતે આંકલન કરી રહ્યા છે. ભાજપ અગ્રણીએ પોલિસ અધિકારીને આંગળીઓ ચીંધીને જણાવ્યું કે તારા વિરૂદ્ધ મારી પાસે ફરીયાદોનો થપ્પો છે. હું તને બતાવી દઈશ. ત્યારે પોલિસ અધિકારીએ તારે જે કરવું હોય તે કરી લેજે અને બધી જ કોર્ટમાં જવાની છૂટ છે. અરવલ્લી પોલિસ વડા સંજય ખરાત દ્વારા બાયડ પોલિસ સ્ટેશનના તમામ સ્ટાફને બદલવામાં નહિ આવે તો પ્રજા પોલિસ સામે વિદ્રોહ કરે તેવી સ્થિતિ આકાર લઈ રહી છે. બાયડ પોલિસ જુઠા લોકોની ફરીયાદ રાત્રે અંધારામાં લેતી હોવાના લોકઆરોપ લાગ્યા છે અને સાચા લોકોને હડધૂત કરી પોલિસ પ્રજાનો મિત્ર નહિ પરંતુ શત્રુ હોવાનો અહેસાસ કરાવે છે.

## જિલ્લામાં ઉનાળાના વહેલા પગરવ ઠંડી ઘટતાં ગરમીનો અહેસાસ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઠંડીનું જોર ધીમે ધીમે ઓછું થતાં જાણે ઉનાળાના વહેલા પગરવ થઈ રહ્યા હોય તેવો માહોલ ઉભો થયો છે. ઠંડી ઘટતાં તાપમાનનો પારો ઉંચકાતાં બપોરે ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે અને હવે દિવસ પણ લંબાઈ ગયો છે.

જિલ્લામાં શિયાળાના પ્રારંભે વાતાવરણમાં અનેક ચઢાવ-ઉતાર જોવા મળી રહ્યા પછી ઉત્તરાયણ પછી કડકડતી ઠંડીનું મોજુ ફરી વળતાં જનજીવન કાતિલ ઠંડીના ધ્રૂજારાથી ફફડી ઉઠ્યું હતું. ત્યારબાદ વાતાવરણમાં પલ્ટો આવ્યા પછી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં કમોસમી માવઠું વરસતાં મિશ્ર માહોલ ઉભો થયો હતો. જિલ્લામાં દિવસો સુધી ઠંડીએ જનજીવનને બાનમાં લીધા પછી હમણાંથી બિલ્લી પગે શિયાળાની વિદાય થતી હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં લઘુત્તમ તાપમાનમાં સતત વધારો થતાં એક સપ્તાહથી ઠંડીમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. સામાન્ય રીતે ફેબ્રુઆરી માસમાં ઠંડીની વધુ જમાવટ થતી હોય છે પરંતુ હવામાન બદલાતાં ઉનાળાના જાણે ધીમા પગરવ સંભળાઈ રહ્યા છે. બપોરના સમયે તો વધુ ગરમીનો અહેસાસ થતો હોય છે જેના કારણે ઘર અને ઓફીસોમાં પંખા તેમજ ઠંડક આપતા ઉપકરણો શરૂ કરવાની ફરજ પડી રહી છે. ઠંડીની અસર ઘટતાં પ્રજાજનો પણ હવે ગરમી વસ્ત્રોનો ઉપયોગ ટાળી રહ્યા છે. જ્યારે દિવસ લંબાઈ જતાં લોકોની દૈનિક ચર્યામાં પણ ફેરફાર જોવા મળી રહ્યો છે. ટૂંકમાં ઠંડી ઘટ્યા પછી બિલ્લી પગે શિયાળાની વિદાય નિશ્ચિત મનાઈ રહી છે.

## બાયડના ભાઈ-બહેનની જોડીએ ટેકવાન્ડો ચેમ્પીયનશીપમાં ગોલ્ડ-કાંસ્ય મેડલ મેળવી ઈતિહાસ રચ્યો

### હવે રાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં ભાગ લઈ અરવલ્લીને ગૌરવ અપાવશે




બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
રાજ્ય કક્ષાની ૩૦મી ટેકવાન્ડો ચેમ્પીયનશીપ સ્પર્ધા અમદાવાદના ખોખરાના રમત-ગમત સંકુલમાં તાજેતરમાં યોજાઈ ગઈ. જેમાં બાયડ તાલુકાના આનંદપુરા કંપાની ધ્યાન્વી પટેલ અને વંદન પટેલની ભાઈ-બહેનની જોડીએ ૩૦મી ટેકવાન્ડો ચેમ્પીયનશીપ સ્પર્ધામાં અનુક્રમે ગોલ્ડ મેડલ અને કાંસ્ય મેડલ મેળવી બાયડ તાલુકો, અરવલ્લી જિલ્લો અને રાજકોટની જય ઈન્ટરનેશનલ સ્કુલનું ગૌરવ વધારી ઈતિહાસ રચ્યો છે. આગામી દિવસોમાં ભાઈ-બહેનની જોડી દુબઈમાં રાષ્ટ્રીય લેવલની સ્પર્ધામાં ભાગ લઈ ગુજરાતને ગૌરવ અપાવશે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા ભાજપ કિસાન મોરચા અધ્યક્ષ અને બાયડની જાણીતી હોટલ વૃંદાવનના માલિક, તાલુકા પંચાયત પૂર્વ સદસ્ય અશ્વિનભાઈ પરષોત્તમભાઈ પટેલ અને દિપીકાબેન પટેલના સંતાનોને સારા અભ્યાસ સાથે કરાટેમાં વધુ રૂચી હતી. માતા-પિતા દ્વારા સંતાનોની ઈચ્છા અનુસાર તેમને સારૂં શિક્ષણ અને જે રમતમાં રૂચી છે તેવી સ્કુલની પસંદગી કરી રાજકોટની જય ઈન્ટરનેશનલ સ્કુલમાં અભ્યાસ માટે મોકલવામાં આવ્યા. અભ્યાસમાં તેજસ્વીતા સાથે તેઓએ રમત-ગમત સ્પર્ધામાં પણ સ્કુલમાં પોતાની આગવી નામના પ્રથમથી મેળવવાની શરૂઆત કરી. ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતી ધ્યાન્વી પટેલ અને ધો.૭માં અભ્યાસ કરતા વંદન પટેલને જય ઈન્ટેરનેશન સ્કુલમાં કરાટે માટે નિષ્ણાત કોચ દ્વારા ખાસ તાલિમ અને પ્રશિક્ષણ આપી સ્થાનિક કક્ષા તેમજ જિલ્લા કક્ષા અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે તૈયાર કરવામાં આવ્યા. તાજેતરમાં અમદાવાદના કાંકરીયા ખાતેના રમત-ગમત સંકુલમાં રાજ્ય કક્ષાની ટેકવાન્ડો કરાટે ચેમ્પિયનશીપ સ્પર્ધા યોજાઈ ગઈ જેમાં બાયડ તાલુકાની ભાઈ-બહેનની જોડીએ હરીફો સામે ઉત્કૃષ્ટ દેખાવ કરી ધ્યાન્વી પટેલએ ગોલ્ડ મેડલ અને વંદન પટેલએ કાંસ્ય પદક જીતી સમગ્ર સમગ્ર જિલ્લાને રાજ્ય લેવલે ગૌરવ અપાયું હતું. રાજ્ય લેવલની સ્પર્ધામાં રાજકોટને જય ઈન્ટરનેશનલ સ્કુલે ૧૪ સુવર્ણ પદક જીતી ઈતિહાસ રચ્યો હતો.

## લીઓ ક્લબ બાયડ દ્વારા ગરીબ પરીવારોને ગરમ ધાબળાનું વિતરણ

### રાત્રે ઠંડીમાં કાંપતા પરીવારોને શોધીને હાથો હાથ ધાબળા અપાયા




બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
બાયડ તેમજ વાત્રક વિસ્તારમાં ઠંડીમાં કાંપતા અને ઉપર આભ નીચે ધરતીની જેમ ખુલ્લામાં જીવન વીતાવતાં ગરીબ પરીવારોને લીઓ ક્લબ બાયડના પ્રમુખ ઋગ્વેદ પટેલ, મલ્ટીપલ ચેરમેન ચિરાગ પરમાર, પૂર્વ પ્રમુખ દીપ સોની દ્વારા ૩૫ જેટલા ગરમ ધાબળાઓનું વિતરણ કરી સંવેદના વ્યક્ત કરી હતી. જ્યારે ઉત્તરાયણના તહેવાર નિમિત્તે પણ ગરીબ પરીવારના બાળકોને પતંગ-દોરા તેમજ કચ્ચરીયાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આવનારા દિવસોમાં લીઓ અને લાયન્સ ક્લબ બાયડ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

છેલ્લા કેટલાંય વર્ષોથી લાયન્સ અને લીઓ ક્લબ બાયડ દ્વારા સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા લોકસેવાના કામ નિસ્વાર્થ ભાવે કરવામાં આવે છે. લીઓ ક્લબ બાયડના પ્રમુખ ઋગ્વેદ પટેલ દ્વારા બાયડ તેમજ આસપાસના વિસ્તારોમાં વસવાટ કરતા ગરીબ પરીવારો ઠંડીમાં થર થર કાંપતા હોવાનું જણાઈ આવતા ડિસ્ટ્રીક્ટમાંથી રાહતદરે મળતાં ગરમ ધાબળા મંગાવવામાં આવ્યા હતા. ગતરોજ કડકડતી ઠંડીમાં મોડી રાત્રે બાયડ બસ સ્ટેશન, જુના બસ સ્ટેશન, મણીનગર વિસ્તાર, પોસ્ટ ઓફિસ વિસ્તાર તેમજ વાત્રકના ઈન્દિરાનગર વસાહતમાં અત્યંત ગરીબ પરીવારોને શોધી કે જેમની પાસે ગરમ વસ્ત્રો ન હતા તેવા પરીવારોને ગરમ ધાબળાનું વિતરણ કરાતા પરીવારો ભાવુક થયા હતા. છેલ્લા ૩૦ વર્ષથી પણ વધુ સમયથી બાયડમાં લાયન્સ લીઓ ક્લબ બાયડ દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે અને તેની ડિસ્ટ્રિક્ટ તેમજ મલ્ટિપલમાં પણ નોંધ લેવાઈ રહી છે. લીઓ ક્લબ બાયડ દ્વારા આગામી દિવસોમાં સ્વચ્છતા સહિત અનેક સેવાકીય કામો ઉપર વધુ ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

## જિલ્લામાં એસ.ટી. ડેપોના રેસ્ટરૂમમાં ઉંદરોનો ઉપદ્રવ

### એસ.ટી. કર્મચારીઓ ઉંદરોથી ત્રાહીમામ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
જિલ્લાના ભિલોડા અને હિંમતનગર એસ.ટી. ડેપોના રેસ્ટરૂમોમાં ઉંદરોનો ઉપદ્રવ વધી જતાં એસ.ટી. કર્મચારીઓ ત્રાહીમામ પોકારી ગયા છે. દિવસ-રાત ઉંદરોની દોડાદોડીથી ડ્રાઈવર-કંડક્ટર આરામ પણ કરી શકતા નથી તેટલી હદે ઉંદરોનો ઉપદ્રવ વધી ગયો છે. ઉંદરોના ત્રાસથી કર્મચારીઓને ખુલ્લી જગ્યા અથવા એસ.ટી. બસમાં જ આરામ કરવાની ફરજ પડી રહી છે.

જિલ્લાના એસ.ટી. કર્મચારીઓ માટે તમામ બસ મથકોમાં અલાયદા રેસ્ટરૂમ મોજુદ છે પરંતુ યોગ્ય જાળવણીના કારણે રેસ્ટરૂમ ખંડેર જેવા બની જતાં એસ.ટી. કર્મચારીઓ અનેક અગવડતાઓ ભોગવી રહ્યા છે. લાંબારૂટની એસ.ટી. બસના ડ્રાઈવર-કંડક્ટર રેસ્ટરૂમમાં રાત્રિ રોકાણ કરે છે પરંતુ હમણાંથી નવો ત્રાસ શરૂ થયો છે. જિલ્લાના ભિલોડા અને હિંમતનગર એસ.ટી.ના રેસ્ટ રૂમોમાં જાણે કે કોઈ પ્રકોપ વરસ્યો હોય તેમ ઉંદરોનો ઉપદ્રવ અનેકગણો વધી જતાં એસ.ટી. કર્મચારીઓ મોટા ઉંદરોને જોઈ ડરવા લાગ્યા છે. છેલ્લા કેટલાય સમયથી એસ.ટી. ડેપોના રેસ્ટરૂમોમાં ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો થતાં એસ.ટી. કર્મચારીઓનો કિંમતી સામાન પણ ઉંદરો કોરી ખાતા હોય છે. રાત્રે એસ.ટી. કર્મચારીઓ રેસ્ટ રૂમમાં રોકાય છે પરંતુ મોટા ઉંદરોની શરીર ઉપર દોડાદોડીથી ઉંઘમાંથી જાગીને બહાર નિકળી જતા હોય છે. એસ.ટી.ના રેસ્ટરૂમની યોગ્ય જાળવણી થતી નથી જેના કારણે ઉંદરોનો ઉપદ્રવ વધી ગયાનું એસ.ટી. કર્મચારીઓ દબાતા સ્વરે બોલી રહ્યા છે. મોટાકદના ઉંદરોની દિવસ-રાતની દોડાદોડથી ડ્રાઈવર-કંડક્ટરોને ખુલ્લી જગ્યા અથવા તો એસ.ટી. બસમાં જ આરામ કરવાની ફરજ પડી રહી છે. એસ.ટી. બસ ડેપોમાં મુસાફરો દ્વારા નાસ્તાનાં પડીકાં તેમજ બિસ્કીટ સહિતની ખાદ્ય સામગ્રી આડેધડ ફેંકવામાં આવતી હોવાથી ઉંદરો માટે આ ખોરાક ભાવતા ભોજન જેવો બની જતાં કદ વધવાની સાથે ઉંદરોની સંખ્યામાં રોજ વધારો થતાં રેસ્ટ રૂમમાં રોકાતા એસ.ટી. કર્મચારીઓ ઉંદરોથી ત્રાહીમામ પોકારી ગયા છે. જિલ્લાના એસ.ટી. બસ મથકોમાં ડ્રાઈવર-કંડક્ટરો આરામ કરવાની સાથે રેસ્ટ રૂમમાં નાસ્તો-ભોજન આરોગ્યા પછી એઠવાડ જ્યાં ને ત્યાં ફેંકી દેતા હોવાથી ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો થઈ જતાં હવે ખુદ એસ.ટી. કર્મચારીઓ માટે પણ મોટી આફત ઉભી થઈ છે.

## જિલ્લામાં શિયાળાની સીઝનમાં ચર્મરોગ વકર્યો

### ખસ અને દાદરથી હજારો લોકો પરેશાન

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની સીઝનમાં વિષમ હવામાનને કારણે જનઆરોગ્ય જોખમમાં મૂકાતાં ખાનગી તેમજ સરકારી દવાખાનાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે ત્યાં વિદાય લેતા શિયાળાની સીઝનમાં ચર્મરોગ વકરતાં હજારો લોકો ખસ અને દાદરના રોગથી પરેશાન બની રહ્યા છે. જિલ્લામાં ચર્મરોગ વકરતાં નાના બાળકો તેમજ મહિલાઓના શરીર ઉપર લાલ ચકામા થવાની સાથે ખંજવાળ ઉપડતાં ચર્મરોગથી પીડીત લોકોની હાલત અત્યંત કફોડી બની જતાં ખાનગી ચામડીના નિષ્ણાતોને ત્યાં સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.

જિલ્લામાં શિયાળો શરૂ થયો ત્યાંથી શેરીઓમાં રખડતાં કૂતરાં એક પછી એક ખસના રોગની ઝપટમાં આવી ગયા પછી હવે ત્યાં કાળામાથાના માનવીમાં પણ ખસનાં લક્ષણો જોવા મળી રહ્યાં છે. શિયાળાની ઠંડી મોસમમાં ચામડીના રોગને પ્રસરવાની પૂરતી તક મળતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નાના બાળકોથી માંડી મોટેરાઓ પણ ખસ તેમજ દાદરના રોગથી પીડાઈ રહ્યા છે. જિલ્લામાં વિદાય લેતા શિયાળાની સીઝનમાં એકાએક ચર્મરોગ હાવિ થઈ જતાં દર્દીઓ ભારે પરેશાન બની રહ્યા છે. સ્થાનિક સરકારી દવાખાનાઓમાં પણ ચર્મરોગીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને દાદરથી દર્દીઓ બેહાલ બની ગયા છે. જિલ્લામાં વિષમ હવામાને વાયરલ બિમારીઓને નિમંત્રણ આપ્યું છે ત્યાં છેલ્લા કેટલાક સમયથી ચામડીના રોગમાં વધારો થતાં ખાનગી ચામડીના નિષ્ણાતોને ત્યાં દર્દીઓની સંખ્યામાં રોગ વધારો થઈ રહ્યો છે. જિલ્લામાં વિષમ હવામાન અથવા તો પીવાના પાણીમાં અશુદ્ધિઓના કારણે ચામડીના રોગમાં વધારો થયાની આશંકા વ્યક્ત થઈ રહી છે. જિલ્લામાં ચામડીના રોગથી પીડીત દર્દીઓ છેલ્લા ૩-૩ માસથી સારવાર લેતા હોવા છતાં રોગથી કોઈ છૂટકારો મળ્યો નથી જેથી ન છૂટકે ખાનગી હોસ્પિટલોમાં મોંઘી સારવાર લેવાની ફરજ પડી રહી છે. જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ધીરે ધીરે ચર્મરોગે પંજો પ્રસરાવતાં હજારો લોકો ચામડીના રોગથી પીડાવા લાગ્યા છે. સરકારી દવાખાનાઓમાં તાત્કાલિક ધોરણે નિષ્ણાત ચામડીના તબીબોની સેવાઓ શરૂ નહીં કરાય તો આગામી દિવસોમાં વધુ લોકો ચર્મરોગનો ભોગ બને તેવી દહેશત વ્યક્ત થઈ રહી છે.

### શિયાળાના અંતિમ ચરણમાં ચિંતાના વાદળો

## જિલ્લાના જળાશયોમાં પાણીનો માત્ર ૨૫ ટકા જથ્થો

### આગામી ઉનાળામાં અસંખ્ય ગામોમાં પાણીનું સંકટ ઘેરાશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૨૧
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શિયાળાની વિધિવત રીતે વિદાય થઈ નથી ત્યાં હજારો તળાવ, ચેકડેમ તેમજ મોટાભાગની નદીઓમાંથી પાણી અદ્રશ્ય થયા પછી હવે બંન્ને જિલ્લાના મુખ્ય જળાશયોમાં સંગ્રહીત પાણીમાંથી જથ્થો ઘટવા લાગ્યો છે. જિલ્લાના જળાશયોમાં ગત સારા ચોમાસાના કારણે પાણીનો મહત્તમ જથ્થો આરક્ષિત થયો હતો પરંતુ શિયાળાની વિદાય ટાણે જ જળાશયોમાં માંડ ૨૫ ટકા જથ્થો બચ્યો હોવાથી આગામી ઉનાળામાં અસંખ્ય ગામોમાં પીવાના પાણીનું સંકટ ઉભું થવાના અણસાર છે. જિલ્લામાં વાત્રક, માઝૂમ, હરણાવ, હાથમતી સહિતના જળાશયોમાંથી ઉનાળા પૂર્વે જ સંગ્રહીત પાણીની સપાટીમાં ઘટાડો થઈ રહ્યાનું ડેમ સૂત્રો જણાવી રહ્યા છે. શિયાળાના અંતિમ ચરણમાં જળાશયોમાં સંગ્રહીત જથ્થો ઘટતાં અત્યારથી ચિંતાનાં વાદળ ઘેરાયાં છે.

જિલ્લામાં પાછલા કેટલાક દાયકાઓથી ચોમાસાની સીસ્ટમ રીવર્સમાં જતી હોય તેવી સ્થિતિ વરસાદ સમયે જોવા મળતી હોય છે. કાળાં ડીબાંગ વાદળો હમણાં બારેમેઘ સાથે તૂટી પડશે તેવું લાગતું હોય છે પરંતુ આખરે તો સામાન્ય વરસાદથી સંતોષ માનવો પડતો હોય છે. જિલ્લામાં ખેતી અને પશુપાલનનો વ્યવસાય વિસ્તરતો જતો હોવાથી મુખ્ય મદાર ચોમાસા ઉપર નિર્ભર રહેતો હોય છે. સારા ચોમાસાના કારણે જિલ્લાના મુખ્ય જળાશયોમાં ઉપરવાસના ભારે વરસાદથી મોટાપ્રમાણમાં જળરાશિ સંગ્રહીત થતી હોય છે જેનો મહત્તમ લાભ ખેડૂતોને ખેતીની દરેક સીઝનમાં અપાતો હોય છે. જિલ્લામાં આ વર્ષે ચોમાસાની સીઝનમાં અપૂરતો વરસાદ વરસતાં મોટાભાગના જળાશયમાં માંડ ૫૦ ટકા પાણીની આવક નોંધાઈ હતી. ડેમ સૂત્રો દ્વારા જળાશયોમાં પાણીનું લેવલ જાળવી રાખી શિયાળાની ખેતીની શરૂઆતમાં સિંચાઈનાં પાણી અપાતાં મોટાભાગના વિસ્તારોમાં ખેડૂતોએ સિંચાઈનો લાભ મેળવ્યો છે પરંતુ વિદાય લેતા શિયાળાની સીઝનમાં જ બંન્ને જિલ્લાના જળાશયોમાંથી પાણી તબક્કાવાર રીતે ઘટી રહ્યું છે. જિલ્લાના જળાશયોમાં ઉનાળો શરૂ થાય તે અગાઉ જ માંડ ૨૫ ટકા પાણી બચ્યું હોવાથી આગામી કારમા ઉનાળામાં અસંખ્ય ગામોમાં પીવાના પાણીનું સંકટ વિકરાળ સ્વરૂપ ધારણ કે તેવી દહેશત છે. જિલ્લાના વાત્રક, માઝૂમ, હાથમતી, હરણાવ સહિતના જળાશયોમાંથી ક્રમશઃ રીતે પાણીની સપાટી ઘટી રહી છે. હજુ તો કારમો ઉનાળો શરૂ થયો નથી ત્યાં જળાશયોમાંથી પાણી અદ્રશ્ય થવા લાગતાં આગામી દિવસો વહીવટી તંત્ર માટે એસિડ ટેસ્ટ સમાન બની રહે તો પણ કદાચ નવાઈ નહીં હોય.

### જળાશયોમાં પાણી ઘટતાં ભૂગર્ભ જળ ઉંડે ઉતરવા લાગ્યાં

બાયડ, તા.૨૧
સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળો શરૂ થાય તે અગાઉ જ મુખ્ય જળાશયોમાંથી પાણીનો જથ્થો ક્રમશઃ રીતે સતત ઘટી રહ્યો છે. શિયાળાની વિદાય થઈ નથી ત્યાં સંગ્રહીત પાણીની સપાટી ઘટવા લાગતાં આગામી દિવસોમાં પાણીનું સંકટ ઉભું થવાની દહેશત છે. જ્યારે જળાશયોમાંથી પાણી અદ્રશ્ય થવા લાગતાં કેટલાક વિસ્તારોમાં ભૂગર્ભ જળની સપાટી ઉનાળા પૂર્વે જ ઉંડે ઉતરવા લાગી છે તો બીજી તરફ પશુપાલકોની ચિંતામાં પણ વધારો થયો છે. ઉનાળાના કાળઝાળ દિવસોમાં જીવાદોરી સમાન જળાશયો તળીયા ઝાટક થઈ જવાની ભીતી વ્યક્ત થઈ રહી છે.

## વાદળછાયા વાતાવરણથી પાકમાં રોગચાળાની દહેશત

### જિલ્લામાં જીરૂ, વરીયાળી, શાકભાજીમાં ચૂસીયા જીવાતનો ૧૪,૭૦૦ હેક્ટર જમીનમાં વાવેતર, ઉપદ્રવ વધે તો પાક ઉત્પાદનને ફટકો

બાયડ, તા. ૨૧
રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા આજથી ૨ દિવસ કમોસમી માવઠાની આગાહી કરવામાં આવી છે. વાદળછાયું વાતાવરણ ઉભું થાય તો સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જીરૂ, વરીયાળી તેમજ શાકભાજીના પાકમાં ચૂસીયા જીવાત અને કાળો મોલો રોગચાળો વકરવાની દહેશત ખેતી વિભાગે વ્યક્ત કરી છે. બંને જિલ્લામાં ઉપરોક્ત પાકનું ૧૪,૭૮૧ હેક્ટર જમીનમાં વાવેતર થયેલું છે. હાલ કોઈપણ પાકમાં રોગચાળો ડોકાયો નથી પરંતુ વાદળછાયા વાતાવરણથી રોગચાળો વકરે તો પાક ઉત્પાદનને ફટકો પડી શકે છે.



પ્રાપ્ત જાણકારી અનુસાર નવા વર્ષમાં વધુ એક બીજા માવઠાનો માર ખેડૂતોને પાયમાલ કરે તેવી દહેશત સતાવી રહી છે. ગુરૂવાર બપોર બાદ હવામાનમાં પલ્ટાવ જેવી સ્થિતિ જોવા મળી. અનેક વિસ્તારોમાં વાદળો ઘેરાયાં હતાં અને જિલ્લાના અનેક તાલુકાઓમાં કમોસમી માવઠું વરસે તેવી આગામી ૪૮ કલાક દરમ્યાન આગાહી કરવામાં આવી છે તે જોતાં વાદળછાયું વાતાવરણ ઉભું થાય તો જિલ્લામાં જીરૂ, વરીયાળી અને શાકભાજીના પાકમાં રોગચાળો પ્રસરે તેવી પૂરેપૂરી દહેશત છે. વાદળછાયું વાતાવરણ ઉભું થાય તો ખેડૂતોને દર અઠવાડીયે ખાસ કરીને જીરૂ, વરીયાળીના પાકમાં ફંગસાઈડ દવાનો ઉપયોગ કરવા ખેતી વિભાગ દ્વારા આગોતરી સલાહ આપી દેવામાં આવી છે.

### વાદળછાયું વાતાવરણ થાય તો રોગચાળો દેખાય : ખેતી અધિકારી

સાબરકાંઠા ખેતી અધિકારી વી. કે. પટેલે જણાવ્યું કે અત્યારે જિલ્લામાં કોઈપણ પાકમાં રોગચાળો દેખાયો નથી પરંતુ વાદળછાયું વાતાવરણ ઉભું થાય એટલે જીરૂ, વરીયાળીના પાકમાં ચૂસીયા જીવાતનો ઉપદ્રવ વધતો હોય છે અને આ અંગે ખેડૂતોને અગાઉથી જ જાણ કરી છે કે વાદળછાયું વાતાવરણ ઉભું થાય તો ઉપરોક્ત પાકમાં દર અઠવાડીયે રોગચાળો ન વકરે તેવી દવાનો છંટકાવ કરવો જોઈએ.

#### જિલ્લામાં વાવેતર...

| જિલ્લો | વરીયાળી | શાકભાજી | જીરૂ |
|---|---|---|---|
| સાબરકાંઠા | ૨૨૭૯ | ૬૮૧૬ | ૩૩ |
| અરવલ્લી | ૧૯૩૫ | ૩૭૦૮ | ૧૦ |